# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ



ખંત, ખમીર અને ખુમારીભેર
જીવન જીવી જાણનાર
કલમ કડછી બરછીના
આદ્ય સ્થાપક તંત્રી
મુ. શાંતિભાઇ ઘોળકિયાની
૩૩મી પૂણ્યતિથિએ ભાવાંજલી.


ઓગષ્ટ–૨૧ વર્ષ : ૫૮

તંત્રી : વિરેન શાં. ધોળકિયા
મો. ૯૪૨૮૭૦૦૧૦૫ (WhatsApp)



બરછી કાર્યાલય C/o. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ,
કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.
email : barchhi@rediffmail.com
www.barchhi.com


આજે હવાની લહેરખી પર સવાર થઈ
કોઈ એક મંદ સુર ચાલ્યો આવે છે,
દિશા તો ગોકુળની જ છે.
સંભળાય છે, ઓળખાય છે,
અજાણ્યો નથી, પણ પહોંચતો નથી!
જિંદગીના અનુભવોએ
જરઠ કરી દીધેલા
હૃદયને એ સ્પર્શતો નથી!
ક્યારેક આ જ સુર સંભળાતો અને
હૈયે આખે આખો રાસ રચાતો!
એ યમુનાનો કિનારો,
એ કદમ્બની ડાળો,
એ મજાના ગોપબાળો,
એ ગોપીઓનો ઉલ્લાસ,
એ રાધાનો વિશ્વાસ,
એ કાન્હાની મુસકાન,
અને બંસરીના સુર...!



બધું
એ સુર સાંભળતા રચાઇ જતું આખું ગોકુળ
પછી
અદ્દલ પેલા નરસિંહની જેમ
હાથ આખો બળે ત્યાં સુધી
તેમાં ડૂબી જવાતું!
સુર એ જ છે.
બદલાયો હું છું.
સંવેદના વગરના રોબોટ જેવો!
હજુ બંસરી વાગે છે.
દિશા પણ ગોકુળની જ લાગે છે!

— મેહુલ ભટ્ટ, અમદાવાદ.
મો.૯૯૭૯૮૯૩૩૨૯

## રે બાઈ...

સાંજુકી વેળાએ ઊઘલે બજાર,
લોક ઘરભેળા થાય પરભારા
રે બાઈ...તું પાથરતી જાય કાં પથારા !
એક તો ઉછીનું પાથરણુ તારૂં
ને માથે ઉછીનો અસબાબ
ગાંઠમાં કાણીય કોડી નથી
ને તોયે શેનો છે આટલો રૂઆબ!
નક્કામી ચીજોના વેપલા કરવાના
શીદને જાગ્યા છે ઘખારા!
રે બાઈ...તું પાથરતી જાય કાં પથારા !
કાટી ગ્યાં અણિયાળાં ખંજર કટારી
ને બુઠ્ઠાં થ્યાં ભાલા તલવાર
બાર બાર વર્ષોથી ઝાડવે ટાંગેલાં
કામ નહી આવે હથિયાર
બોદાં રે બોલશે પાણીમાં બેઠેલાં
રણશીંગ નગારાં
રે બાઈ...તું પાથરતી જાય કાં પથારા !
ઠાકરની દીધેલી બે ખોબા માટીમાં
ખંતેથી કીધેલી ખેડ
પાણીડાં સીચ્યાં ને નિંદામણ કાઢયાં
તો મોલ થયો રાજીનો રેડ
આથમણી કોરના ઝાંખા અજવાસમાં
ખેતર મારે છે ઝગારા
રે બાઈ...તું પાથરતી જાય કાં
પથારા !

– પારૂલ ખખ્ખર




## અમારૂં નવલું પ્રભાત (રાગ : સારંગ)

લગીરે હવે જાગોને સલુણાં જવાન રે...
ધન્ય ઘડી ઉગતી રે લોલ.
સદ્ય હવે ત્યાગોને સઘળા પ્રમાદ રે...
જિંદગી પોકારતી રે લોલ.
જુઓ જવાની જવાહિર કેરી
કેવી ઝગે જગમાંહી અનેરી?
જરી ઝીલીને એનો પ્રકાશ રે...
સ્વચ્છ કરો આંખડી રે લોલ.
જાણો શાથી છે એ જગનો લાડીલો
સ્મરણ કરો એણે મંત્ર દીધેલો
કરી નિશ્ચય આરામને હરામ
અંજલીઓ અર્પવી રે લોલ.
બુદ્ધિ શુદ્ધિ વીરત્વ ભરેલી
ને વિણલોભે કર્તવ્યો વરેલી
હરિ ભજતાં સોહાવી નિજ જાત રે...
જિંદગી ઉજાળવી રે લોલ.
કૈંક ભણેલા હો આજ લગી તે
સિદ્ધ કરો એને નિત્ય સ્મરીને
સદા જીવવાને જુગ જુગ રળિયાત રે
જોબનિયાં જાગજો રે લોલ.
અને પ્રગટાવી નવલું પ્રભાત રે...
પુણ્યને જ પામવા રે લોલ.

– ઈશ્વરલાલ દીનાનાથ મહેતા, મુંબઈ.
(કકબ વર્ષ ૧૯૫૫ ઓગષ્ટના અંક માંથી)



## વિદેશમાં શ્રી પ્રણવ મહેતાને મળેલું સન્માન



નોરવોક કેલિફોર્નિયા ખાતે તા. ૧૪ ઓગષ્ટના રોજ'આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમનું ભવ્ય રીતે આયોજન થઈ ગયું. જેમાં સોલાર ક્ષેત્રે ક્રાંતિમાં મૂલ્યવાન યોગદાન આપી 'સોલારમેન'થી ઓળખાતા, આપણા જ શ્રી પ્રણવ મહેતા (વચ્ચે)ગેસ્ટ ઓફ ઓનરના સન્માનિત સ્થાન સાથે Modern India in the Forefront of Technology વિષય ઉપર પેનલ ડીસ્કશનમાં જેટ પ્રોપલ્શન લેબ-લોસ એન્જેલસના આલોક ચેટરજી તથા ટીસીએસ સેન ડીઆગોના પ્રેસિડન્ટ શ્રી કમલ ભાદડા સાથે આમંત્રિત પ્રતિનિધી તરીકે તેઓએ ચર્ચામાં ભાગ લઈ ટેકનોલોજી ક્ષેત્રે ભારતની સિદ્ધિ અને હરણફાળ વિષય ઉપર વક્તવ્ય આપ્યું હતું. અંતમાં અર્ટેસિઆના મેયરની ઉપસ્થિતિ અને મોટી સંખ્યામાં ભારતીયો ની હાજરીમાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ થયું હતું.ગર્વભેર અભિવંદન.

## શ્રીમતી શ્રેયા વસાવડા લિખિત પુસ્તકો

બાળપણના અભ્યાસકાળથી જ તેજસ્વીતા ધરાવતાં રાજકોટનાં શ્રીમતી શ્રેયા સૌમ્ય વસાવડા-ઓઝા હાલ મેનેજમેન્ટ વિષયમાં પી.એચડી.નો અભ્યાસ કરી રહયાં છે સાથે સાથે GTUના એમબીએ.ના વિદ્યાર્થીઓ માટે ચાર પુસ્તકો લખ્યાં છે. જેમાં Management Information System, Business ethics & Corporate governance, Management of Industrial Relations & labour laws, Research Methodology નો સમાવેશ થાય છે.બે નામાંકિત યુનિવર્સિટી આવતા વર્ષે તેના અભ્યાસક્રમમાં આ દરેક પુસ્તકનો સમાવેશ કરશે. ઉપરાંત યુએઇ, મોન્ટેન્ગ્રો,મલેશીયા તથા ઈન્ડોનેશિયાના એક પ્રકાશક CSRના પુસ્તકમાં શ્રીમતી શ્રેયા લિખિત એક પ્રકરણ (ચેપ્ટર)નો સમાવેશ કરવામાં આવ્યો છે. તાજેતરમાં જ એક ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં Biotechnology A boon against CovidV19 Pandemic પર તેમણે પ્રઝન્ટેશન રજૂ કર્યુ હતું.તાજેતરમાં 'નોવેલ રીસર્ચ એકેડેમી, પોંડિચેરી દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨નો Research Scholar Award એનાયત કરવામાં આવ્યો.

## પ્રસિદ્ધ-પ્રસિદ્ધિ મંકોડી ધો.-૧૨ માં ઉચ્ચ ગુણાંક સાથે સફળ

ગુજરાત બોર્ડમાં ધોરણ-૧૨ના જાહેર



થયેલાં પરિણામોમાં રાજકોટના દેવાંગભાઇ મંકોડીનાં બંને સંતાનોએ ઉચ્ચ ગુણાંક સાથે સફળતા મેળવી પરિવાર અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું. દેવાંગભાઇના પુત્ર પ્રસિદ્ધ



મંકોડી ૯૩% સાથે સફળતા મેળવી. જ્યારે પુત્રી કુ. પ્રસિદ્ધિએ ૯૯.૯૯ પીઆર સાથે ૯૭% મેળવી સમગ્ર ગુજરાત બોર્ડમાં પ્રથમ ક્રમે સફળતા મેળવી. તેણી ૨૦૧૯માં લેવાયેલ ધોરણ-૧૦ પરીક્ષામાં પણ બોર્ડમાં પ્રથમ સ્થાન સાથે ઉત્તીર્ણ થયાં હતાં. ભાઈ બેનની તેજસ્વી જોડીને અભિનંદન.

# કર્મવીર જયંતભાઇ હાથીને અલવિદા



જયંતભાઇ વિશ્વનાથભાઇ હાથીનું તા.૯ ઓગષ્ટના રોજ ૮૬ વર્ષની વયે પાલનપુર ખાતે દેહાવસાન થયું.કેવો પવિત્ર આત્મા હશે કે તે દિવસે શ્રાવણ માસનો પહેલો સોમવાર હતો અને આરાધ્ય દેવ શિવજીની પૂજા કરતાં દેહ છોડયો.

પાલનપુર સ્થિત સ્વ. વિશ્વનાથ ડોલરરાય હાથી– વિ.ડી.હાથી–એક સમયે ઉત્તર ગુજરાત પંથકનું દિગ્ગજ નામ..વહીવટી કાર્યદક્ષતા,નિષ્ઠા, પ્રમાણિકતા જેવા અનેક ગુણો સાથે સંસ્કૃતના વિદ્વાન એવા વિશ્વનાથભાઇ અને સુસંસ્કારી માતા વિનયવતીબેનના પાંચ સંતાનોમાંના એક જયંતભાઇ.

જયંતભાઇ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં દીર્ઘકાલિન સંન્નિષ્ઠ ફરજ બજાવી એજીએમના ઉચ્ચ પદેથી નિવૃત્ત થયા હતા.બેંકની ફરજ દરમ્યાન અસંખ્ય લોકોને મદદરૂપ થયા જ પરંતુ બહુજન હિતાય અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ તથા લેખન દ્વારા પોતાનું નિવૃત્ત જીવન પણ ઉજાળ્યું. તેઓએ બેંક પેન્શનરો માટે અતિ ઉપયોગી પુસ્તક પ્રકાશિત કર્યું. લોકડાઉનના સમયનો સદ્ઉપયોગ કરી ગરબા સ્તોત્રનું સંકલન કરી પુસ્તિકા છપાવી નિઃશુલ્ક વિતરણ કર્યું..પોતાના વાંચન અને સંકલનના શોખ થી સંગ્રહિત કેટલુંય સાહિત્ય સૌના લાભાર્થે બરછી માટે તો ઘણા વર્ષથી લખી મોકલતા. જેમાં જૂના જમાનાના શબ્દો,કહેવતો,ચલણ, પહેરવેશ,આપણા સાહિત્યકારો–અગાઉના રીતરિવાજો વગેરે વિશે માહિતી સાથે જ્ઞાનવર્ધક લખાણોનો સમાવેશ થતો હતો..જેનો શુભ ઉદ્દેશ પરંપરા સાચવવા ઉપરાંત નવી પેઢીને તેનાથી અવગત રાખવાનો જણાય.દરેક લેખ જોડણીની ચોકસાઇ સાથે આજે ૮૬ વર્ષની જૈફ વય સુધી પોતે ટાઇપ કરીને ટપાલ–કુરિઅરથી અને બાદમાં સમય સાથે કદમ મિલાવી ઇમેઈલથી મોકલે.આમ તેમનામાંથી કાર્યદક્ષતા, સમયપાલન,ચોકસાઇ,શ્રેષ્ઠતા,સહજતા અને ધર્મનિષ્ઠાના ગુણ ગ્રહણ કરવા જેવા.

જયંતભાઇને માતા પિતા જીવનસંગિની પ્રત્યે અપાર સ્નેહ. જૂલાઈ માસમાં માતા પિતાની અને ઓગષ્ટ માસમાં આવતી ધર્મપત્નીની પૂણ્યતિથિએ ભાવસ્મરણ સાથે તેમના પ્રત્યેના આદર,તેમના સંસ્કારોને ચિરંજીવ રાખવા,નિર્મળ પ્રેમ અને ઋણતર્પણના હેતુથી બરછીમાં જૂલાઈ અને ઓગષ્ટ માસના અંકમાં 'સ્મૃતિવંદના' પ્રકાશિત કરવાનો ઘણા વર્ષથી દર વર્ષનો અચૂક ક્રમ બની ગયો હતો.માતા પિતા પ્રત્યે બધાં જ સંતાનોને પણ અનન્ય સ્નેહભાવ, તેથી ભાવાંજલી પરિવારજનોના નામ સાથે જ પ્રકાશિત થાય. સૌએ સાથે મળીને થોડા સમય પહેલાં સમગ્ર હાથી પરિવારનો કુટુંબમેળો યોજ્યો હતો તેમજ મુ. વિશ્વનાથભાઇના જીવનદર્શનને આલેખતું પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

પરિવારને હૂંફાળા મોભી સ્વજનની,જ્ઞાતિ સમાજને અનેક રીતે પ્રેરક પથદર્શકની અને અમને બરછીના હરહંમેશ હિતેચ્છુ, શુભચિંતક આત્મીયજનની ખોટ સાલશે જ પરંતુ તેઓ તો –

" જિંદગીનો એ જ સાચો છે પડઘો ગની, હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે,
હતો એ મસ્ત પ્રવાસી કરી પ્રવાસ સફળ, અનોખી શાનથી 'ઘાયલ' ગયો સ્વધામ તરફ"

આ પંક્તિ મુજબ ખરે જ જીવી જાણી,જીવનને સાર્થક કરવાનો પથ ચીંધાડી મૃત્યુને પણ જીતી ગયા. બરછી પરિવારના શ્રદ્ધાસુમન...હરિ ૐ

# આપણા 'કુળ-તબીબ'નું અવસાન થાય ત્યારે...?

**સ્પર્શ્યા વગર નિદાન કરી શકે એવા ડોક્ટર્સ ભૂતકાળની વાત બની રહી છે!!**

*એક નિયત સંબંધથી જોડાયેલ સમાનધર્મી સમૂહને કુળ કહે છે.*
*ભારત દેશમાં આ કુળ શબ્દ અને તેના હોવાપણાને ગાઢ નાતો છે.*
*કુળને પોતાના દેવતા હોય છે, જેને કુળ-દેંવતા કહી પૂજવામાં આવે છે.*
*કુળને પોતાનાં દેવી હોય છે, જેને કુળ-દેવી કહીને તેના બાધા-આંખડી રાખવાનો મહિમા છે,*
*જેટલું ગૌરવ કુળનું એટલું જ તેના કુળ-દેવતા અને કુળ-દેવીનું.*

**પ્રશ્ન વિશેષ**
ભદ્રાયુ વછરાજાની

આપણા સુખ-સમૃદ્ધિનો આધાર છે આ શ્રદ્ધાઓ તેવું દેશવાસીઓનું દૃઢ માનવું છે, પણ તે સાથે જ બહુ પ્રચલિત કુળ-ગૌરવ છે તેના કુળ-તબીબ... હા, આપણે 'ફેમિલી ડોક્ટર'ની વાત કરી રહ્યા છીએ. મનને સ્વ-સ્થ રાખે કુળ-દેવ-દેવી પણ તનને દુરસ્ત રાખે કુળ-તબીબ!! કુળ-તબીબ પણ શ્રદ્ધાનું જ મોટું કેન્દ્ર. કેટલાક બુઝર્ગોને તો એ ફેમિલી-ડોક્ટરને મળે ને દર્દ ગાયબ!!

આમ જુઓ તો, ડોક્ટર્સ તો next to God છે, કારણ આપણા શરીરની જટિલતા બનાવી ભગવાને, પણ તેને બ-ખૂબી જાણી-પહેચાની ડોક્ટર્સે. માત્ર જાણ-પહેચાન નહીં, તેને ખોલી, તેમાં જરૂરી સખળડખળ કરી તેમાંથી દર્દને પોષતા કોષોને કે અંગોને બહાર કાઢી, તેના સ્થાને બીજું કંઈક ગોઠવી ઠીકઠાક કરી દેવાની કમાલ તો ડોક્ટર્સ જ કરી શકે, એમાં વિશ્વનો ઉત્તમ વિજ્ઞાની પણ ન ફાવે, એ નક્કી. મારે તો વાત કરવી છે સાદા-સીધા, જેને રોજ સરળતાથી મળી શકાય તેવા જનરલ પ્રેક્ટિશનરની, જેને આપણે જી.પી. તરીકે ઓળખીએ છીએ. જોકે, આજકાલ મહત્તમ જી.પી. ડોક્ટર્સ પણ લેબોરેટરીના ટેસ્ટ્સનું લાંબુ લિસ્ટ આપીને કે પછી નાની-મોટી દવા આપી દર્દીને સ્પેશિયાલિસ્ટની



આંગળી પકડાવી દે છે, ત્યારે એક એવા વિરલ કુળ-તબીબની વિદાયનું દુઃખ વહેંચવું છે કે જેને સર્જન્સ અને M.D. પણ પોતાની સાથે રાખવામાં ગૌરવ અનુભવે. Just Miraculous. એમની નિપુણતા વર્ણવું તો કોઈને ટેબલ-સ્ટોરી લાગે, પણ ડો. યોગેન્દ્ર માંકડ નામના અમારા એ કુળ-તબીબ સાથેના છેલ્લા પંચાવન વર્ષોના ગાઢ સંબંધ પછી દંતકથાઓ લાગે તેવો મહાનિબંધ લખી શકાય તેમ છે, એમ લખું તો તેમાં ભારોભાર સત્ય છે અને આ સત્યને નામી-અનામી તબીબો અને સર્જન્સ અને સ્પેશિયલિસ્ટ અને સામાન્ય અને ધનવાન દર્દીઓ પણ ટેકો કરે, કારણ એ સૌએ ડો. માંકડને અને તેમના નિદાન અને સારવારને શ્રદ્ધાથી નમન કરેલ છે.

અમારા એ ત્રણ-ત્રણ પેઢીના કુળ-તબીબનું અવસાન થયું ત્યારે હૃદય ધબકારો ચૂકી ગયું. આપણા કુળ-તબીબનું અવસાન થાય ત્યારે શું અનુભવાય તે અવર્ણનીય છે. ડો. યોગેન્દ્ર માંકડ આમ તો મોજીલા ડોક્ટર કારણ ઈશ્વરે તેમના પિતાશ્રીનું નામ મોજીલાલ જ રાખ્યું હતું! તેમને મળો એટલે તમે દર્દને ભૂલી જ જાવ અને હા, એ ભાગ્યે જ કોઈ ટેસ્ટ કરવા લેબોરેટરી સુધી મોકલે. એમને પોતાના નિદાનમાં એટલો અપાર વિશ્વાસ કે એનો પ્રતિઘોષ દર્દીને સાજો થવાનું ભાથું પૂરું પાડે. કોઈ ગંભીર બીમારીને તો એ આગોતરી પારખી લે અને બ્રેસ્ટ-કેન્સર જેવા બિહામણા રોગને પણ તેઓ દર્દીના શરીરનો સ્પર્શ કર્યા વગર પારખી લે અને પછી વર્ષો સુધી સાંવેગિક રીતે તેઓ દર્દીની સાથે જ રહે.

પોતાના દર્દીના અવસાન વખતે અમે એ કુળ-તબીબને અશ્રુ વહાવતા અનુભવ્યા છે અને એટલે એમના મૃત્યુ પછી ખાલીપો ઘેરી વળે છે. ડો. યોગેન્દ્ર માંકડ પ્રસિદ્ધિ કે નામના કમાવવા કશું ન કરે, પણ તેમની પહોંચ ભારતના ઉચ્ચતમ સર્જન્સ સુધી. આજથી પાંત્રીસ વર્ષો પહેલાં એક બાળ-દર્દીની સર્જરી માટે તેઓની નાનકડી ચિઠ્ઠીએ મુંબઈની ફાઈવસ્ટાર હોસ્પિટલના સર્વોચ્ચ સર્જન દ્વારા અર્જન્ટ સર્જરી શક્ય બનાવ્યાનો અનુભવ છે.

કુદરતની કે નિયતિની ચાલને આગોતરી ભાળી જનાર ડો. માંકડ કોરોના સમયે પતિ-પત્ની એક સપ્તાહ અગાઉથી હોસ્પિટલમાં દાખલ થયેલાં, કારણ તેઓએ પોતાનું બંનેનું નિદાન કરી લીધેલું કે પાંચ-સાત દિવસમાં કોરોના આપણાં શરીરમાં પ્રવેશશે. કમનસીબે ડો. માંકડનાં પત્નીને કોરોના સાથે લઈ ગયો અને ડો. માંકડ એકલા રહી ગયા. તેઓનો વલોપાત પણ નિખાલસ હતો કે, 'કશું જ ન સૂઝે તેવી સ્થિતિ જીવનમાં પહેલી વાર અનુભવી રહ્યો છું.' અમારા એ કુળ-તબીબે પત્નીની વિદાયના દસ માસમાં જ જીવન છોડી દીધું.

તમે ડોક્ટરને મળો ને આનંદ થાય કે કોઈ ડોક્ટર તમારા અચ્છા મિત્ર હોય કે ડોક્ટર તમને સ્પર્શ કર્યા વગર તમારા શરીરના એક ખૂણે પડેલી કેન્સરની ગાંઠને જોઈ શકે એવા કુળ-તબીબ પેલા કુળ-દેવતા અને કુળ-દેવી જેટલા જ પ્રણામના હક્કદાર છે. કોઈ પરભવનો યોગ હોવો જોઈએ, ત્યારે જ આવા મિરેક્યુલસ યોગેન્દ્ર આ ભવમાં સહજતાથી મળ્યા હશે ને?? ■

bhadrayu2@gmail.com

૨૨૦૮૨૨

## ભગત બડે પરમાર્થી

–પી. એમ. વૈષ્ણવ,વડોદરા.


(આકાશવાણી દૂરદર્શન રાજકોટના પૂર્વ ડાયરેકટર પી.એમ.વૈશ્નવ..સહજ,પ્રેમાળ સ્વપ્રસિદ્ધિથી હંમેશા દૂર રહેલા કર્મને જ ભક્તિ તરીકે સ્વીકારનાર જ્ઞાતિના વિદ્વાન વડીલ મુ. પ્રવિણભાઇનો વિશેષ




પરિચય તેમના ચિંતનાત્મક લેખન દ્વારા મળે તેમ છે. શાંતિભાઇના સમયથી આજપર્યંત તેમના વિદ્વતાપૂર્ણ ઉપદેશક લેખનનો લાભ બરછીના માધ્યમથી જ્ઞાતિજનોને આપી રહયા છે.૧૯૭૦ના બરછીમાં પ્રકાશિત થયેલ આધ્યાત્મિક દ્રષ્ટાંત વાર્તા અને અગાઉ મળેલ બીજો એક નિયતિ અને પુરૂષાર્થની સમજ આપતો લેખ સાભાર પ્રકાશિત કરી રહયા છીએ.–તંત્રી)

'સંસારમાં સરસો રહે ને મન મારી પાસ'એમ કહેનાર કવિએ જીવન જીવવાની ચાવી આપણા હાથમાં મૂકી દીધી છે. સંસારમાં કામ બરાબર કરવાં,પ્રેમપૂર્વક કરવાં,ઈશ્વરે સોંપેલ કર્તવ્ય ગણીને કરવાં અને છતાં તેના ફળ બાબત આસક્ત ન રહેવું, ફળ ઈશ્વર પર છોડવું.ભક્તો ને સંતોના જીવનમાં ભક્તિ અને ફળત્યાગ બંને ખૂબ ઊંચી ભૂમિકા સુધી ગયેલા જોવા મળે છે.તેઓ ઈશ્વર ભક્તિ પણ કેવળ ભક્તિ માટે જ કરે છે. તેના કોઈ સાંસારિક ફળ માટે નહિં.

મહારાષ્ટ્રના સંત પુંડલિકનું ચરિત્ર ફળ ત્યાગનો ઉંડો આદર્શ બતાવે છે. પુંડલિક માબાપની સેવા કરતો હતો.એ સેવાથી પ્રસન્ન થઈ પાંડુરંગ રૂપે ખુદ ઈશ્વર તેને મળવાને દોડી આવ્યા,પણ પાંડુરંગને છંદે ચડીને હાથમાંની સેવા પડતી મૂકવાનો તેણે ઈન્કાર કર્યો માબાપની સેવા એ જ તેની અંતરની લાગણીવાળી ભકિત હતી. કોઇક દીકરો બીજાને લૂંટીને માબાપને સુખ સગવડ લાવી આપતો હશે અથવા કોઇક દેશ સેવક બીજા દેશનો દ્રોહ કરી સ્વદેશની ચડતી કરવા ધારતો હશે. પણ આ બન્નેની ભકિત નહિ કહેવાય,તે આસક્તિ છે. પુંડલિક સાત્વિક આસક્તિમાં પણ ફસાયો ન હતો. તેથી તેણે ઈશ્વરને કહયું "હે ભગવાન,તું સાક્ષાત્ ઈશ્વર,મને સામો ચાલીને મને મળવા આવ્યો છે તે હું સમજું છું,પરંતુ હું સિદ્ધાન્તવાળો છું.તું એકલો ઈશ્વર છે એ વાત મને મંજુર નથી.તું પણ ઈશ્વર છે અને મારાં માબાપ પણ મારે સારૂ ઈશ્વર છે. એમની સેવામાં હું છું તે વખતે તારા તરફ હું ધ્યાન આપી શકતો નથી માટે મને માફ કરજે."આમ કહી પાંડુરંગને ઉભા રહેવાને એક ઈંટ આગળ સરકાવી ને પાછો પોતે સેવાકાર્યમાં મશગૂલ થઈ ગયો. પુંડલિકે વાપરેલો આ મહાસિદ્ધાંત આ સેવાવ્રતની નિષ્ઠા ફળ ત્યાગની તરકીબનું એક અંગ છે. ફળ ત્યાગી પુરૂષની કર્મ સમાધિ જેમ ઊંડી હોય છે તેમ તેની વૃત્તિ વ્યાપક, ઉદાર અને સમ હોય છે. એથી તરેહ તરેહનાં તત્વજ્ઞાનોની જંજાળમાં તે ફસાતો નથી અને પોતાનું જે હોય તેને છોડતો નથી. તે સંસારના કામ ઈશ્વરની પૂજા માનીને જ કરે છે.પોતાની નોકરી વ્યાપાર કે અન્ય કોઇ વ્યવસાય કરે તો



તે ઈશ્વરની પૂજા માનીને કરે અને ઈશ્વરની પૂજામાં ઉણપ રખાય?તેથી તે રોજીંદા કામ બહુ ચીવટથી,પ્રેમપૂર્વક અને જ્ઞાનપૂર્વક કરશે.આમ ઈશ્વરાભિહુખ ભક્તનાં તમામ કાર્યો સર્વાંગ સુંદર હોય.તેથી સાચો ભક્ત સ્વાભાવિકપણે સારો પતિ હોય,વત્સલ પિતા હોય,પ્રેમાળ પુત્ર હોય,સમભાવી સહોદર હોય અને કાર્યદક્ષ કર્મચારી હોય. સમાજને તે ઈશ્વરનું મંદિર માને,પોતાના વ્યવસાયને તે પત્રપુષ્પ માને,માબાપની સેવા અને સંતાનોના ઉછેરને તે ઈશ્વરના દ્વાર સુધી પહોંચવાનો રાજમાર્ગ માને.આમ તે નેતિવાદી, નકારાત્મક ન બનતાં,રચનાત્મક, હકારાત્મક વૃત્તિવાળો,નિત્ય ઉદ્યમી અને પ્રસન્નચિત્ત કર્મયોગી બને છે. સતત પ્રવૃત્તિમાં રહેવા છતાં તેની વૃત્તિ સાત્વિક છે,તેની નજર હંમેશાં પેલાં ઉંચાં નિશાન–ઈશ્વરભક્તિ–પર લાગેલી રહે છે.પોતાના મિત્રો, સગાં અને સહકાર્યકરોને તે ઈશ્વરનાં સંતાન,ઈશ્વરની પ્રતિકૃતિરૂપ જુએ છે.તેથી તેમની ઈર્ષા કરતો નથી.તેમની સાથે તેમને વેર નથી,તેમની સાથેનો તેમનો વ્યવહાર માત્ર પ્રેમમય અને ભક્તિમય હોય છે.આવો સક્રિય ભકત પોતાના તમામ કાર્યો ઈશ્વરની પૂજા માનીને કરતો કરતો ઈશ્વરને સૌથી વિશેષ પ્રિય બને છે,કેમકે ભગવાનનું માત્ર નામ લેવા કરતાં તે તેનું કામ કરે છે.તે તેનાં સંતાનોને સ્વલ્પ સુખ પણ પહોંચાડે છે.આવો ભકત ઈશ્વરને અધિક પ્રિય છે. ફળ ત્યાગ અને ભક્તિનો આટલો પંથ જેણે કાપ્યો તેણે જીવન જીવવાની કળા સિદ્ધ કરી જાણવી.




---

**અનંતના યાત્રીઓને શ્રદ્ધાંજલી :**

રાજકોટ : અત્રેના નામાંકિત ડો. યોગેન્દ્રભાઇ મોજીલાલ માંકડનું તાજેતરમાં દેહાવસાન થયું. તેઓએ સતત ૫૫ વર્ષથી જનરલ ફિઝીશ્યન તરીકે દર્દી નારાયણની સેવા કરી.પોતાના બહોળા અનુભવ થકી કોઈપણ રોગને પારખી સચોટ નિદાન માટે તેઓ તબીબ જગતમાં પણ જાણીતા હતા. જ્ઞાતિ– ઈતર જ્ઞાતિ સમાજને એક નિષ્ણાંત તબીબની ખોટ સાલશે. (જાણીતા કટાર લેખક શ્રી ભદ્રાયુ વછરાજાનીએ પોતાની સંવેદક કલમથી ડો.યોગેન્દ્રભાઇને ભાવાંજલી આપતા લેખમાં તેમની વિશિષ્ટતા,કુશળતા સાથે સમાજને ખોટની વેદના તા.૨૨/૮ના દિવ્ય ભાસ્કર દૈનિકની કટારમાં હુબહુ આલેખી છે. જે દરેકના તબીબની ખોટ માટે પણ લાગુ પડે છે તેથી આ લેખ,ભદ્રાયુભાઇ અને દિ.ભા.ના આભાર સહ(પાના નં.૪ ઉપર) પ્રકાશિત કરી રહયા છીએ.) –મધુભાઇ મુક્તિશંકર ઓઝા–૭૮ વર્ષ, ચંપકભાઇ સી.અંજારિયા, મધુસુદનભાઇ મનસુખલાલ દેસાઈ–૭૭ વર્ષ, મૂળ માંગરોળનાં ગં.સ્વ.પુષ્પાબેન પદુભાઇ વસાવડા,રાજેશ કિશોરભાઇ ધોળકિયા–૫૬ વર્ષ. જૂનાગઢ : રેખાબેન ઉપેન્દ્રભાઇ વૈશ્નવ–૬૭ વર્ષ, વડોદરા : દિનેશભાઇ કદમ્બભાઇ ઘોડા–૭૩ વર્ષ. આણંદ : જસમીનભાઇ પાઠક. અમદાવાદ : ઉદય દેવેન્દ્રકુમાર અંતાણી–૫૩ વર્ષ.ભુજ : જ્યોત્સનાબેન પ્રદ્યુમ્નરાય અંતાણી–૭૧ વર્ષ.જૂનાગઢ : જીતેન્દ્રભાઇ મુગટરાયજોષીપુરા–૮૯ વર્ષ.

## નિયતિ કે પુરૂષાર્થ? –પી. એમ. વૈષ્ણવ,વડોદરા.

પ્રારબ્ધ કે પુરૂષાર્થ ?–જુગ જૂનો પ્રશ્ન છે. આપણે સ્વતંત્ર ઈચ્છાશકિતથી કર્મો કરીએ છીએ કે ગત જન્મનાં કર્મો દ્વારા નિર્માણ થયેલ પ્રારબ્ધ કે નિયતિ પ્રમાણે ? આ બાબતમાં એક રસિક દ્રષ્ટાંત કથા છે.

ભગવાન શિવ તો મહાદેવ છે,દેવોના દેવ તેઓ હિમાલયમાં કૈલાશમાં સદા ધ્યાનમગ્ન રહે છે પરંતુ બ્રહ્મા,વિષ્ણુ,ઈન્દ્ર અને ખુદ યમરાજ પણ મહત્વની બાબતોમાં તેમની અનુજ્ઞા મેળવવા આવે છે. એકવાર ભગવાન વિષ્ણુને કંઈ પ્રશ્ન હતો. તેઓ ગરૂડ પર સવાર થઈ શિવજી પાસે આવ્યા. પોતાના વાહન ગરૂડને બહાર થોભવાનું કહી તેઓ ગુફામાં ભગવાન શિવ પાસે ગયા.ગરૂડ આસપાસના કુદરતી સૌંદર્યનું દર્શન કરતું બેઠું. ત્યાં તેણે એક વૃક્ષ પર એક ચકલી જોઈ તે આનંદથી ઉડાઉડ કરતી હતી. થોડીવારમાં યમરાજા ત્યાં પધાર્યા તેમને પણ કંઈક સલાહ લેવાની હશે.દ્વારપાળે કહયું કે અંદર વિષ્ણુ ભગવાન છે. આપ બેસો. જેવા યમરાજ બેઠા કે તેમણે પેલી ચકલીને જોઈ તુરત તેમના મુખ પરના ભાવ બદલી ગયા. આ જોઈ ગરૂડે વિચાર્યું કે ચકલી યમરાજની નજરે ચડી ગઇ છે,હવે તેને તે મારી જ નાખશે.તેને ખૂબ દયા આવી તેથી તેણે એક ઉપાય કર્યો.ચકલીને પોતાના મોટાં શરીર પર બેસાડી હજારો માઇલ દૂર વિંધ્ય પ્રદેશના ઘનઘોર જંગલમાં મૂકી આવ્યા. પછી પાછું ગરૂડ પોતાના સ્થાને આવી ગયું.ગરૂડને થોડો આનંદ થયો કે હવે યમરાજ તેને મારી નહી શકે.વિષ્ણુ ભગવાન પોતાની મસલત પુરી કરી બહાર આવ્યા. અને પોતાના વાહન ગરૂડ પર બેસી પોતાના ધામ જવા ઉપડયા. રસ્તમાં પેલું વિંધ્યાચળનું જંગલ આવ્યું તેથી ગરૂડને કુતૂહલ થયું કે ચકલી શું કરતી હશે ? વિષ્ણુ ભગવાનની આજ્ઞા લઈ તેણે ઊડ્યન નીચું કર્યું.પરંતુ આ શું ? તેણે જોયું કે એક મોટો અજગર ચકલીને ગળી રહયો છે.તે ચીસાચીસ કરી રહી છે પણ કંઈ વળ્યું નહી.

ગરૂડને બહુ પશ્ચાતાપ થયો.તેણે તો વિચાર્યું હતું કે કૈલાસમાં જે રીતે યમરાજે ચકલી પર આશ્ચર્યથી ક્રૂર દ્રષ્ટિ ફેંકી હતી તેનો અર્થ એવો હોવો જોઈએ કે 'આ ચકલી અહીયા ક્યાંથી ? થોડવારમાં તો વિંધ્યપ્રદેશમાં અજગર દ્વારા તેનું મૃત્યુ લખાયું છે ?'પરંતુ ગરૂડ એમ સમજ્યો કે યમરાજા પાછા બહાર આવી આને મારી જ નાખશે તેથી લાવ તેને દૂર દૂર મૂકી આવું.આ નાનકડી દ્રષ્ટાંત કથા પરથી ગરૂડને ખાત્રી થઈ કે મૃત્યુ અનિવાર્ય છે. તે જ્યારે જ્યાં જે સમયે થવાનું હોય છે ત્યારે ત્યાં જ થાય છે. આપણે આ નિર્મિતિમાંથી કોઇને બચાવી શકતા નથી.આપણા બચાવવાનો પ્રયાસ જ ઘણીવાર તેના મૃત્યુમાં સહાયક થાય છે.


આ કથામાં જેટલી ચતુરાઇ છે તેટલી જ મૃત્યુની અનિવાર્યતા અંગે બોધ છે.મૃત્યુ માંથી બચી શકાતું હોત તો ડોક્ટરો જ હજારો વર્ષ જીવત.

ઘણા વૈજ્ઞાનિક અભિગમવાળા બુદ્ધિજીવીઓ માને છે કે મૃત્યુને બાદ કરીએ તો બીજી ઘણી ઘણી બાબતોમાં આપણી ઈચ્છાશક્તિ સ્વતંત્ર છે.બુદ્ધિગત નિર્ણય લઇ, આપણે ઈચ્છીએ તેમ આપણા જીવનને ઘાટ આપી શકીએ છીએ.પરંતુ ભારતીય યોગીઓ તો કહે છે કે આપણામાં પ્રકૃતિએ જે અહંકારનું તત્વ મૂક્યું છે કે જેના દ્વારા આપણે એમ માનીએ છીએ કે આપણે કર્મ કરવા મુક્ત છીએ.તે અહંકાર જ પ્રકૃતિનું ગુપ્ત

શસ્ત્ર છે. તેમના જ નિર્ણયો પ્રકૃતિ પ્રેરિત હોય છે અને આપણે ખોટા ભ્રમથી એમ માનીએ છીએ કે મેં આ મારી ઈચ્છાશકિતથી કર્યું.હું ભાગ્યને પલ્ટી શકું છું. સામાન્ય માણસો તો શું મહાપુરૂષોમાં પણ તેનું ભાગ્ય, નિયતિ કે ભૂતકાળના કર્મના ફળ જ તેનું કહેવાતું સ્વતંત્ર કાર્ય કરાવતા હોય છે.ફક્ત બહુ જૂજ આત્મ સાક્ષાત્કાર કરેલ વ્યક્તિ કે અવતારોમાં જ એવી શક્તિ હોય છે કે જે બીજાના અને પોતાના કર્મના ફળ ભૂંસી નાખી પ્રકૃતિથી ઉપર ઉઠી પોતાના આત્માની ઈચ્છા પ્રકૃતિ અને જીવન પર લાદી શકે છે.આમ હોવા છતાં રોજીંદા જીવનના કાર્યો તો પૂરા ઉત્સાહથી કરવાનાં છે.કોઈ એમ કહે કે હું કાંઇ નહી કરૂં,મારા ભાગ્યમાં હશે તે મને સામેથી આવી મળશે તો એ જડતા છે.ગીતા કહે છે કે માનવનું ઘડતર જ એવી રીતે થયું છે કે એક પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી.તે હઠપૂર્વક કર્મ નહી કરે તો પ્રકૃતિ જ બલાત્ તેને કર્મમાં નીયોજશે.શ્રીકૃષ્ણ કહે છે કે હું ભગવાન હોઈ મારે મારૂં પોતાનું કોઇ કર્મ નથી છતાં હું લોકો પર સાચો દાખલો બેસાડવા કર્મ કરૂં છું.માણસ તો શું સિંહ પણ એમ વિચારે કે હું ઊંઘી રહીશ અને મૃગલાઓ સામેથી મારી પાસે શિકાર માટે આવશે તો તે શક્ય નથી.પૃથ્વી એ 'કર્મલોક' છે એટલે નિયતિને લીધે આપણે નિષ્કર્મણ્યતા કે અકર્મણ્યતા નહીં પરંતુ તમામ કર્મો પૂરી શક્તિથી કરવાનાં છે પણ આ કર્મો હું નિયતિ કે ગત જન્મોનાં સંચિત કર્મો ખતમ કરવા કરૂં છું એ ભાવનાથી કરવાના છે.ગીતા કહે છે,અનાસક્ત રહી કર્મ કરો,ફળની ઈચ્છા છોડો.ભગવત્ પ્રીત્યાર્થે કર્મો કરો તો કર્મો તમને બંધનરૂપ નહી થાય.રાગદ્વેષ, સુખદુઃખ, આસકિત કે તિરસ્કાર વિના તદ્દન સમતાપૂર્વક કરેલા કર્મો પ્રભુને નૈવેદ્યરૂપે અર્પી દો.કર્મ એ ભાવિ કર્મબંધનમાંથી મુકત થવાનું મોટું સાધન છે.

આમ નિયતિ કે ભાગ્ય આ જન્મમાં અફર છે,પરંતુ પ્રભુપૂજનરૂપે આ જન્મે કર્મો કરી સારી નિયતિ સર્જવી એ પણ આપણા હાથની જ વાત છે.

## કૃતમ હાથીએ બી.ટેકની પદવી મેળવી



ગાંધીનગર સ્થિત શ્રી વિશ્વમ અને શ્રીમતી જલ્પા હાથીના પુત્ર કૃતમ હાથીએ તાજેતરમાં IIT-H હૈદ્રાબાદ માંથી બી.ટેક.(રીસર્ચ)ની પદવી પ્રાપ્ત કરી. અને કોલેજના કેમ્પસ પ્લેસમેન્ટમાં માઇક્રોસોફ્ટ કંપનીમાં પસંદગી પામી હૈદ્રાબાદ ખાતે સોફ્ટવેર એન્જીનીયર તરીકે જોડાયા.ચિ. કૃતમ અશ્વિનભાઇ ગુણસુખરાય હાથી તથા મયુરીબેન અશ્વિનભાઇ હાથીના પૌત્ર થાય. અભિનંદન.

## મહાદેવ શિવ શંકર...

માઁ ઉમાના વર તમે નાગરના હાટકેશ્વર તમે
છો અસાધારણ તમે,જગત પિતા માવતર તમે
હિમાલયના શિખર પર,દેવ છો પ્રખર તમે
જીવ સૃષ્ટિનું સ્તર તમે,મોહ માયાથી પર તમે
કટુ સંસારમાં સાકર તમે,ભક્તિભાવનું ઘર તમે
અજર અમર તમે,સાથ રહો જીવનભર તમે
સત્યનું આચરણ તમે,અસત્યનું આવરણ તમે
ભૂતોના દેવ તમે,મનુષ્યના દેવાધિદેવ તમે
અનંત અને નિરંતર તમે,મહાદેવ શિવ શંકર તમે

પાર્થેશ નાણાવટી, રાજકોટ.
મો.૯૯૦૪૨૦૦૨૦૪

## નાગરરત્ન સ્વ.શ્રી વિશ્વનાથ ડોલરરાય હાથી(પાલનપુર)ની ૧૧૭મી અને માતુશ્રી સ્વ.વિનયવતી વિશ્વનાથ હાથીની ૧૧૦મી જન્મજયંતી નિમિત્તે સમસ્ત હાથી પરિવાર તરફથી સ્નેહ પુષ્પાંજલી અને સ્મૃતિવંદના

પિતા જન્મ:૨૭-૭-૧૯૦૪ માતા જન્મ:તા.૧૧-૭-૧૯૧૧



સત્યાવીસ જૂલાઇ ઓગણીસસો ચાર ગુરૂપૂર્ણિમાનો
અનેરો તહેવાર
ઝળહળતી ચાંદનીના ચાંદરણે પ્રગટ્યો વિશ્વનો નાથ
વિશ્વના નાથ હતા એ તો,વિશાળ વડના વૃક્ષ સરખા
છાયે એના ખેલ્યા રમ્યા,ઝૂલ્યા ઝૂલે વડવાઇ તણા
એક આકર્ષક ભવ્ય વ્યક્તિત્વ,ભાલે ત્રિપુંડની કરચલી
મુખ પર એક મલકતું હાસ્ય,ઘેઘૂર અવાજ
દ્રવિત સ્વરે શક્રાદય ગાય ત્યારે માં જગદંબાના સાક્ષાત્કારનો અહેસાસ થાય એટલે જ
"પિતા સ્વર્ગ,પિતા ધર્મ,પિતા એવં પરંતપ,
પિતરીમ પ્રીતિમ આપન્ત્તે,પ્રિયન્ત્તે સર્વ દેવતા
સંસ્કારોનું સિંચન કરનાર,પિતાની સેવા કરનાર અને
તેમને સ્નેહ અને સન્માન આપનાર પર દેવો હંમેશા પ્રસન્ન રહે છે.
શક્તિ વિના શિવ અધૂરા છે...માતા પિતાની જન્મજયંતી સાથે આવે
એવો યોગાનુયોગ ભાગ્યેજ જોવા મળે.
સર્વ તિર્થમયી માતા, સર્વ દેવમયઃ પિતા
માતરમ પિતરં તસમાત, સર્વ યત્નેન પૂજયેત
માતામાં બધા તિર્થોનો અને પિતામાં બધા દેવોનો વાસ હોય છે.
બન્નેની સેવા એટલે જ ઈશ્વરનો સાક્ષાત્કાર
એટલે જ કહયું છે કે-
નાસ્તિ માતૃસમાં છાયા,નાસ્તિ માતૃસમાં ગતિઃ
નાસ્તિ માતૃસમાં ત્રાણમ્,નાસ્તિ માતૃસમાં પ્રપાઃ
માતા સમી કોઈ છાયા નથી,માતા સમી કોઈ ગતિ નથી
માતા સમી કોઈ હૂંફ નથી અને માતાની હૂંફ જેવું કોઈ શરણ નથી
માતા પિતાને અમારા સહુના અને સમસ્ત હાથી પરિવારના
શત્ શત્ વંદન
જયંત હાથી, દિનેશ હાથી, માર્તંડ હાથી, કુ. સુધા હાથી, રશ્મિન હાથી

# આપણી જ્ઞાતિ અને લગ્ન સમસ્યા....

—કૌશિકરાય જ. વૈદ્ય
એસ. ટી. સી; કોવિદ, વેરાવળ.

આજના સમાજ ઉપર દૃષ્ટિપાત કરતાં ઘણી બાબતો આપણું લક્ષ ખેંચે છે. સમાજ કૂદકે અને ભૂસકે આગળ વધી રહ્યો છે. એ સમયે દરેક વ્યક્તિની ફરજ છે કે સમાજનાં કદમે કદમ મિલાવી આગળ વધવું જોઇએ. આમ ન કરનાર વ્યક્તિ કાં તો સમાજની પાછળ રહી જાય અને કાંતો સમાજથી દૂર ફેંકાઇ જાય. સમાજથી દૂર ફેંકાઇ ગએલા મનુષ્યની કાંઇ કિંમત નથી. એક હિન્દી વિદ્વાને કહ્યું છે કે–"**एक मनुष्य चाहे तो समाज पर थूक सकता है, समाजका कुछ बुरा नहीं होगा। लेकिन समाज जब उसके पर थूकने लगेगा तो वह उसमें डूब ही जाएगा।**" આ કથનને આપણે બરાબર સમજીએ તો એક બાબત આપણું લક્ષ વિશેષ ખેંચે છે, અને તે છે–આપણી જ્ઞાતિની લગ્ન–સમસ્યા.

આધુનિક જમાનામાં કન્યાકેળવણીનું મહત્વ સૌ કોઇ સમજે છે. પરંતુ સાથે સાથે કન્યાને ભવિષ્યની આદર્શ ગૃહિણી બનવા માટેની તાલિમ આપવાની ઓછી દરકાર રખાય છે. લગભગ દરેક માબાપ સાધારણ રીતે ઇચ્છે છે કે પોતાની કન્યા ઓછામાં ઓછું મેટ્રિક સુધી તો ભણે જ. પરંતુ કન્યા મેટ્રિક થાય પછી માતાપિતા સામે એક વિકટ પ્રશ્ન આવીને ઊભો રહે છે. મેટ્રિક થએલી કન્યા માટે ઓછામાં ઓછો ગ્રેજ્યુએટ વર તો જોઇએ જ તેવી સામાન્ય માન્યતા છે. આવો વર શોધવામાં પણ મુશ્કેલી. ગ્રેજ્યુએટ હોય તો કન્યાને લાયક ન હોય, કન્યાને લાયક હોય તો કાં તો ગ્રેજ્યુએટ ન હોય અગર તો બિચારો સાધારણ સ્થિતિનો હોય. બધું હોય તો કન્યા સાધારણ સ્થિતિની હોય એટલે વરપક્ષ જ કન્યા લેવાની ના પાડે. આવી આવી અનેક મુશીબતોમાં અને સર્વગુણસંપન્ન વરકન્યાની શોધમાં વરસો વીતી જાય. કુદરત તો પોતાનું કામ અવિરતપણે કર્યે જ જાય. યોગ્ય સમયમાં માતાપિતા પસંદગી ન કરી શકે તો વરકન્યા પોતાની અપરિપક્વ બુદ્ધિ પ્રમાણે પસંદગી કરી લે છે. અને પરિણામે પતન અને કાં તો પલાયન. કુટુમ્બની ખાનદાનીને લક્ષમાં લઇ આવો માર્ગ ન લે તો યોગ્ય ઉમર વહી જતાં માતાપિતાએ લાકડે માકડું વળગાડી દેવું પડે. પરિણામે બન્ને પક્ષનાં જીવનમાં રસ ન રહે.

આટલી હકીકત બરાબર સમજીએ તો તેનો ઉકેલ તદ્દન સહેલો છે. એક તો એ કે, દરેક માતા-પિતાએ કન્યાને યોગ્ય કેળવણી આપી તુરત યોગ્ય વરની શોધ કરી લેવી જોઇએ. બીજું એ કે, એવી શોધમાં સામા પક્ષની આર્થિક સ્થિતિ કે ભણતર પર ભાર ન મૂકતાં યોગ્ય સંસ્કાર ઉપર ભાર મૂકાવો જોઇએ. અલબત્ત આવી પસંદગીમાં વરકન્યાની સંમતિ તો જોઇએ જ.

દરેક વ્યક્તિ આમ યોગ્ય વિચાર કરે અને તે વિચારને સમજીને વર્તનમાં મૂકે તો આપણી જ્ઞાતિની આ મહાન અને વિકટ દેખાતી સમસ્યાનો સુખદ ઉકેલ આવી જાય. અને દરેકના જીવન સ્વર્ગમય બને તેમાં શંકા નથી.

---

ચિંતન ચાલુ રાખીએ..!!


વર્ષ ૧૯૫૬–જૂલાઇના બરછીના અંકમાં 'જ્ઞાતિની લગ્ન સમસ્યા' અંગે શ્રી કૌશિકભાઇ વૈદ્યનું મંતવ્ય સૌને જાણવા ને ઢંઢોળવા ફરીથી પ્રકાશિત કર્યુ છે.જો કે તે પછી પણ આ વિષયે ઘણુ લખાયું છે.. છતાં આજ ૬૫ વર્ષ સુધીમાં લગ્ન સમસ્યા ઠેરની ઠેર રહી છે. અગાઉ તો શુભ પ્રસંગો દ્વારા, સગા સંબંધીઓ સુચવતા તે દ્વારા સગપણ થતાં આજે તો આ ઉપરાંત લગ્નમેળા, જ્ઞાતિપત્રમાં જાહેરાત, સોશ્યલ મીડિયામાં ગ્રુપ, વેબસાઇટ વગેરે માધ્યમો છતાં લગ્ન સમસ્યા વિકટ બની છે–બનાવી છે. તે સમયે મેટ્રિક–ગ્રેજ્યુએટ શિક્ષણમાં બાંધછોડનો પ્રશ્ન હતો તેમ લાગે છે.. પણ હવે અપેક્ષાનો અંબાર છે..શિક્ષણ,નોકરીમાં સરકારી ખાનગી કોર્પોરેટ, આવક, શહેર, પોતાનું મકાન, શોખ, રાચરચિલું, રીત રિવાજો, કુટુંબમાં સભ્યો કેટલા, વડીલ કેટલા? વગેરે..વગેરે અને તેમાં ક્યાંય બાંધછોડ નહી. સંતોષ નહી તેથી ખુશી નથી અને તેથી આજકાલ છૂટાછેડાનું પ્રમાણ વધવાનું એક કારણ પણ હોઈ શકે. હવેના એક જ સંતાનના સમયમાં વાલીઓએ પણ સમજવું પડશે,સમજાવવું પડશે...તમારૂં મંતવ્ય ઉમેરા બાદબાકી કરીને લખી મોકલી શકો છો.–તંત્રી

(બરછીની શરૂઆતનાં વર્ષોમાં સ્વ.મા. શારદાબેન માંકડ દ્વારા બહેનોને શીખ અને કેળવણી મળે તેવા અનેક લેખ પ્રકાશિત થયા હતા.તેઓ દ્વારા સંચાલિત નારી વિભાગ પણ હતો. તેમના અઢળક વાંચન અને જીવનના અનુભવોના ફલસ્વરૂપે અનેક દ્રષ્ટાંતો સાથે સ્ત્રી–નારીના ગુણો,વિશેષતાઓ સાથે નારી તત્વની સમજ આપી સ્ત્રી પ્રેમાળ પત્ની કઈ રીતે બની શકે તે વર્ણવતો આ લેખ ઓકટોબર–નવેમ્બર–૧૯૭૧ના અંકમાં પ્રકાશિત થયેલ જે આજની બહેનોને સમજવા પુનઃપ્રકાશિત કરી રહયા છીએ.એક સમયે રાજકોટના નાગર મંડળ સાથે અને થોડાં વર્ષ પહેલાં જ અ.ભા.ના.પરિષદ,નાગર બોર્ડિંગ સંસ્થઓ સાથે પણ સંકળાયેલા, અનેકવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરતા પ્રકૃતિપ્રેમી સ્વ. દિલીપભાઈ માંકડનાં માતુશ્રી થાય.)

## પ્રેમાળ પત્ની

પ્રેમાળ પત્ની વિશેની વાતો અથવા પ્રેમાળ પત્નીનાં ગુણગાનની વાતો કરીએ તે પહેલાં નારી તત્વ વિશેનું મહાભારતમાં આપેલ દ્રષ્ટાંત સમજીએ. તત્વમયી સૃષ્ટિ પછી બ્રહ્માની સૃષ્ટિની રચના ત્યારબાદ વિશ્વસકલનું પરિવર્તન થયું. કુમાર રૂદ્ર આદિની સૃષ્ટિ પછી પ્રજા પતિવર્ગની સૃષ્ટિમાં આવ્યા.પછી તપોમય તેજોમય શરીરમાંથી એક દિવ્ય નરનારીનું જોડલું પ્રગટ થયું. નર તે સ્વયંભુ 'મનુ' અને વિશ્વજનની 'શતરૂપા' તે નારી. એક જ તત્વની બે મૂર્તિ છતાં તે વિભિન્ન થયાં. નારી બહુરૂપા છતાં એક દેવીરૂપે પૂર્ણ પવિત્ર તત્વ શક્તિ ગણાય છે. પ્રેમાળ પત્નીનાં લક્ષણોની ગણનામાં એક મહત્વપૂર્ણ તત્વ તે નારીનું લાવણ્ય, તેની સુંદરતામાં સુંદરવર્ણ,સુડોળ અંગ, લટકાળી ચાલ,અમી દ્રષ્ટિ,અંગ મરોડ અને વાણીની મધુરતા..આ બહારનું ભૌતિક સૌંદર્ય ગણાય છે.તેથી વિશેષ મહત્વ તેના આંતરિક ગુણોમાં રહેલું છે. ક્ષમા,પ્રેમ,ઉદારતા,નિરાભીમાનીતા,વિનય,સહિષ્ણુતા, સમતા, શાન્તિ, ધીરજ, પતિ–સેવા શીલ, અહિંસા અને સત્યતા. સ્ત્રી જ્યારે પરણીને સાસરે જાય છે ત્યારે દેવો આશીર્વાદ આપતાં કહે છે..."સમ્રાજ્ઞીશ્વશરે ભવ સમ્રાજ્ઞી શ્વશ્વાભવ,

"નન્નાદરી સમ્રાજ્ઞી સમ્રાજ્ઞી અધિદેવૃષુ" એટલે કે વહુ તમે સાસરવાસમાં સાસુ સસરા,નણંદ દિયર વગેરેના મહારાણી બનો, તમારો પ્રેમ સદ્ વ્યવહારથી તેમનાં મન જીતો.પ્રેમાળ પત્ની માટે ઉપલા આશિષ વચનો પ્રમાણેનાં આચરણ અનિવાર્ય છે.સ્ત્રીઓ બધા સદ્ગુણો ધરાવતી હોય છે અને તે પ્રેમાળ પત્ની બની શે તેમાં શંકા નથી. સંસારને સ્વર્ગસમો બનાવવો તે સ્ત્રીઓના હાથમાં છે. તેના માટે ઉપર જણાવેલ ગુણોને આચરણમાં મૂકવા જરૂરી છે.જેથી સુખ શાંતિની જિંદગી ગાળી શકાય છે. પોતાના પતિ પાછળ પ્રાણ તજી દેનાર સ્ત્રીઓના દાખલાઓને આપણે ઈતિહાસમાં શોધવા બેસીએ તો અત્યાર સુધી સતી થતી,જૌહર કરતી અનેક વિરાંગનાઓ મળી આવશે. મહાભારતમાં જયદેવના અવસાનના સમાચાર માત્ર સાંભળતા જ તેની પત્ની મૃત્યુ પામે છે. આ એક પ્રેમાળ પત્નીના પ્રેમની પરાકાષ્ટાનું અદ્ભુત દ્રષ્ટાંત છે.બીજું એક વખત સત્યભામાજી દ્રૌપદીને જઈને પૂછે છે કે ભલા પાંચે પાંડવોની તું



આટલી પ્રેમાળ હૃદય રાણી કઈ રીતે બની શકે છે? તારી પાસે કોઈ વશીકરણ વિદ્યા છે? ત્યારે જરા રોષયુક્ત દ્રૌપદી શાંન્તિથી જવાબ આપે છે કે બહેન મારી પાસે કંઈ વિદ્યા કે મંત્ર નથી. હું મારા પતિદેવનાં માતા–મારાં સાસુજીની સેવાચાકરી કરૂં છું યોગ્ય રીતે અતિથિ સેવા કરૂં છું અને સ્ત્રી સહજ સ્વભાવથી ત્યાગવૃત્તિ રાખી મારા કુટુંબીજનોની મમતા અને ખંતથી યોગ્ય સેવા ચાકરી કરૂં છું અને સૌને ચાહું છું અને તેથી જ હું મારા પતિદેવોનો પ્રેમ મેળવવા સૌભાગ્યવાન બની છું.ફકત પતિને જ સંભાળવાથી ખરો પ્રેમ મળતો નથી.તેના કુટુમ્બીઓ વગેરેની માનથી સંભાળ રાખીએ તો જ ખરો પ્રેમ મળે છે. દ્રૌપદિના આવા સત્ય અસરકારક જવાબથી સત્યભામાજી શ્રી કૃષ્ણનો પુરો પ્રેમ મેળવવા ઉપર મુજબ વર્તવા મનમાં નિર્ધાર કરે છે.આવા અનેક ઉદાહરણો દ્રષ્ટાંતો છે જ. તે સિવાય અસહાય અને રોગી પત્ની પણ પોતાના દુઃખનો વિચાર કર્યા વગર પોતાના પતિની સતત ચિંન્તા સેવે છે. ક્રોધી–બોગી પતિ પ્રત્યે મમતાથી અને ક્ષમતાથી કામ લેનાર પત્ની સદાચારી હોય છે. પોતે ઘનિષ્ટ કુટુમ્બની કન્યા હોવા છતાં પ્રેમને ખાતર પતિનું ગરીબ કુટુંબ હોય તો પણ તેના પ્રત્યે સમભાવ રાખી કુટુંબને તારનારી સ્ત્રીઓ આદર્શ પત્ની બને છે. પતિ વ્યસની કે દુર્ગુણી હોય તો તેને માનપૂર્વક પોતાની બુદ્ધિ પ્રતિભા વડે તથા તેમના પ્રત્યે પોતાનો પ્રેમ લેશ પણ ઓછો કર્યા સિવાય તેને સદ્‌ગુણી અને સદાચારી બનાવી કુટેવોની બદીઓમાંથી દૂર કરાવી પોતે પ્રેમ મેળવી શકી છે અને પોતાના પતિના વેડફાતા જીવની સુકાની બની જીવનનૌકા સહી સલામત પાર ઉતારી શકી છે.આ રીતે પતિના જીવનમાં મંત્રી,રંભા,માતા,દાસી વગેરે ભિન્ન ભિન્ન પાત્ર ભજવી સુખ દુઃખમાં ભાગીદાર બને છે.ઘરની સુખ શાન્તિ તેના ઉપર જ નભી રહે છે.લગ્ન પછી વહુ રૂપે,ઘરમાં પ્રવેશ્યા બાદ સ્ત્રીઓને પત્ની,માતા,દેરાણી જેઠાણી વગેરે જુદા જુદા સ્વરૂપો સંભાળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે અને સ્ત્રીના અનેક સ્વરૂપનું સોપાન તો પત્નીપદ છે. પત્ની પદ શોભાવવામાં સફળ બનતી સ્ત્રી પ્રેમથી દરેક તરફ પોતાની ફરજ અદા કરી જીવનને સ્વર્ગ બનાવે છે.પ્રેમાળ પત્ની કુટુંબની,ઘરની,પાડોશીઓની શોભા છે,દેશની સેવિકા છે. બાળકોની માતા બની સુસંસ્કાર રેડનારી આદર્શ નારી છે.એવી પ્રેમાળ પત્નીને આપણા ધન્યવાદ હો! અને નવવધૂઓને ઉપલા દ્રષ્ટાંતથી ખરો પ્રેમ મેળવી લગ્ન પછીનું જીવન સુખરૂપ ગાળવામાં માર્ગદર્શન બનો!

— શારદાબેન માંકડ,રાજકોટ.

<u>સમાચાર :</u> ગાંધીનગર : અત્રેના સમાજ સેવી અને કોર્ટ મીડિયેટર શ્રી સુધીર દેસાઈએ આઝાદીના ૭૫ વર્ષ પર્વ નિમિત્તે વ્યકત કરેલા વિચારોમાં આમ નાગરિક તરીકે આપણું કર્તવ્ય શું છે તે 'મારી દેશભકિતની ભાવના' અંતર્ગત મંતવ્યમાં અત્રેના અખબાર ગાંધીનગર સમાચારમાં અક્ષરસઃ પ્રકાશિત થયા.

રાજકોટ : શ્રી અરવિંદ નાણાવટી સંકલિત અને લિખિત ત્રણ પુસ્તકો 'મુક્તકોના મોતી','સુવિચારોની સુવાસ'તથા પૂર્તિઓના પ્રાંગણમાં' તાજેતરમાં પ્રકાશિત થયાં.આ ત્રણ પુસ્તકના સંપૂટમાં મુક્તકો,સુવિચારો તથા જીવનલક્ષી ઉપયોગી બાબતો ને સદ્‌વિચારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.જેની કિંમત રૂા. ૨૪૨/ નિયત કરવામાં આવી છે પરંતુ ત્રણે પુસ્તકો જ્ઞાતિજનો ડિસ્કાઉન્ટ સાથે રૂા. ૨૦૦/–(કુરિઅર ચાર્જ અલગ)માં મેળવી શકશે.મેળવવા માટે સંપર્ક : ચેતસ ઓઝા ૮૮૬૬૨૮૬૩૯૬

## વાપરશો વધુ કોમ્પ્યુટર તો તન/મન ને મારશે હંટર

ઝડપી પણાના આ યુગમાં કોમ્પ્યુટર જીવન જીવવા માટે મહત્વનું ઉપકરણ બન્યું છે. પરંતુ અતિ સર્વત્ર વર્જયેત. Everything in excess is Poisonous.એ ન્યાયે તેનો વિવેકપૂર્વક ઉપયોગ સારો. વધુ પ્રમાણમાં ઉપયોગ શરીર તથા મગજ બંન્નેને હાનિ કરે છે.

વધારે પડતા ઉપયોગથી શું થાય ?




૧ આંખોનું પાણી સૂકાતું જાય.
૨ ગરદન, કાંડા, કમરમાં દુઃખાવો
૩ અંગુઠા–તર્જની–મધ્યમાં આંગળીઓમાં ખાલી ચઢવી
૪ આંગળીઓમાં બહેરાશ
૫ હાથના સ્નાયુઓને વારંવાર ઈજા
૬ આંખોને શ્રમ–થાક–લાલ આંખ
૭ શિરદર્દ–દ્રષ્ટિ ઝાંખી
૮ હતાશા–નિરાશા જીવનમાંથી સામાજિક ગણાવતા ગાયબ
૯ કોમ્પ્યુટરનો નશો વ્યસન થઈ જાય છે.
૧૦સ્વભાવ–વર્તન બદલાય

કોમ્પ્યુટરના ત્રાસથી બચવાના ઉપાયો

૧ તેનો સીમિત ઉપયોગ કરવો. ૨ ખાસ આરામદાયક ડિઝાઈન કરેલા ટેબલ/ખુરશી બનાવવા જેથી આંખો, પીઠ કમર, પગહ હાથને આરામ મળે. હાથાવાળી ખુરશી લેવી.

૩ વર્કીંગ વખતે ફોન કરવાનો આવે તો હેન્ડસેટને કાન તથા ખભાની વચ્ચે ન દબાવો જેનાથી ગરદનના સ્નાયુઓને હાનિ થાય.૪ તન,મન, તણાવરહીત રાખવા.૫ નિયમિત ઉંડા શ્વાસોચ્છશ્વાસ લેવા.૬ આંખમાં પોપચાં ઉઘાડબંધ કરવા, ડોળા ચોતરફ ફેરવવા. ૭ કૃત્રિમ આસું લાવે તેવા ટીપાંથી સુકાતી આંખો ભીની કરવી. ૮ ૩૪૫ સે.મી. થી વંચાય તે રીતે પ્રકાશ, તથા અક્ષરના કદ ગોઠવવા.
૯ ચળકાટ ઓછો કરવા મોનીટર પર વધારાનો ગ્લાસ ચઢાવવો.
૧૦ હાથના પંજા તથા આંખોની કસરત રોજ કરવી.
૧૧ કોમ્પ્યુટર પર સતત ન બેસતા વચ્ચે ઉભા થઈને લટાર મારવી. સ્ટ્રેચ એકસરસાઈઝ કરવી.
૧૨ વર્કીંગ પ્લેસના હવા–ઉજાસ ઉષ્ણતામાન–સ્વચ્છતા અનુકુળ રાખવા.
૧૩ સંતુલિત જીવન સ્વાસ્થ્યવર્ધક આહાર, નિયમિત કસરતો મિત્રભાવે હળવાશ, સામાજિક સંપર્કો કરવા, માનસિક તાણ ઘટાડવી.
૧૪ સક્રિય જીવન, શોખ, રૂચિ, અન્ય બાબતોમાં રસ લઈ અને પરિવાર પ્રેમ જાળવવા.
૧૫ કોમ્પ્યુટરના ગુલામ બંધાણી ન થવું.

ડો. રાજેન્દ્ર હાથી, વડોદરા

(વર્ષ ૨૦૦૦ની સાલમાં ગોધરા સ્થિત મુ.શ્રી પી.બી.માંકડ તરફથી 'દિશા સૂચન' નામક સ્વસ્ફૂરિત લિખિત જીવનોપયોગી વાતો અમને મળી હતી. જે જૂની ફાઈલોમાંથી હમણા મળી આવી. આ સમજવા જેવી બે વાતો ભલે મોડી પણ ક્ષમાપના સાથે આ અંકમાં પ્રકાશિત કરી રહયા છીએ– તંત્રી)

## વેલણ અને વલણ

રોટલી કેવી થાય છે,તે જોવાનો,અનુભવનો વિષય નથી.તેની પાછળ જિંદગીની એક ફીલસૂફી પડેલી છે...રોટલી બને છે તો ચકલા ઉપર પણ તે કેવી બને છે તેનો આધાર બનાવનાર ને કેવું વેલણ ફાવે છે તેની ઉપર રહેલો છે.વેલણ બદલાય તો રોટલી બગડે. જેવું વેલણનું છે,તેવું જ વલણનું છે. દીકરી પિયરથી સાસરે જાય ત્યારે તેણી વલણ ન બદલે તો તેના સાંસારિક જીવન પર માઠી અસર પડે.

સાસરે ગયા પછી મા–બાપનું રૂપ તેણીના સાસુ સસરામાં પ્રતિબિંબિત થાય છે. આ વસ્તુ સમજાય તો પિયરના સંબંધો સાચા. પણ તે, વ્યક્તિની સંસ્કૃતિ,સ્નેહભાવ,સહનશક્તિ અને સમજદારીનો પ્રશ્ન બને છે.

આમ જો વેલણ બદલે તો રોટલી બગડે,પણ વલણ ન બદલાય તો સંસાર બગડે તે સ્વાભાવિક છે. છે ને વિરોધાભાસ..!!

## દાંમ્પત્યજીવનનું મૂલ્ય – શૂન્ય!

પરણ્યા પછી પાંચ વર્ષ ઉલ્લાસમાં,આનંદમાં ને 'સપનાના વાવેતર'માં પસાર થાય. પછીના પાંચ વર્ષ મતભેદ શરૂ થાય.તેમાંથી ઉદ્‌ભવે 'અહમ્'.વ્યક્તિ પાવરફુલ હોય તો કોમ્પ્લેક્ષ(ગ્રંથી) ઉભા થાય... ગુરૂતાગ્રંથી હોય તો બીજી લઘુતાગ્રંથીથી પીડાતી હોય.તેથી નારાજગી લાગ્યા કરે.પછીનાં પાંચ વર્ષ દીકરા દીકરીના ઉછેર,ભણતર,તેમની જીદ વગેરેમાં અટવાઈ જાય. બસ જુવાની ગઈ ને ચાલીસી આવી,મનથી 'મેચ્યોર'થયા નહીં,છોકરમતમાં રહી ગયા!

પછી થઈ ઉંમર એવી કે નહીં જુવાની,નહીં ઘડપણ! અહમ્ બનતી સાઠમારી જીરવી શક્યા નહીં!

ત્યાગ તરફ મન વળ્યું નહીં.ફુલ રહયું મહેક રહી નહીં...આમ જીવનલીલા સંકોચાતી ચાલી.ભૂતકાળ ભૂલાતો નથી.ભવિષ્ય ધૂંધળું નથી. છતાં,ભ્રમ રહે છે.વર્તમાન સમય વહી રહયો છે પણ ચેન નથી.ને આમ શૂન્યમાંથી ઉત્પન્ન થયેલ જિંદગી શૂન્યમાં જ સમાપ્ત!

કેટલું જીવ્યા એ જ ગણિત રહી જાય છે અને કેવું જીવ્યા તેનું સરવૈયું બેસતું જ નથી. આવી ટીકા–ટીપ્પણમાં પડયા વગર નીદા પર ચિંતનમાં પડયા વગર બસ હસતા રહો–પ્રસન્ન રહો.

દૂધમાંથી 'તર' કાઢો દહી થઈ જાય તો શીખંડ કરો.હૃદયને પ્રેમ–ભીનાશથી ભરપૂર રાખો.ઈશ્વર માલિકમાં શ્રદ્ધા રાખો.ભક્તિમાં તરબોળ રહો, તો જ શેષ જીવન હલકું હલકું લાગશે.

જોઇએ છે : જીવનસાથી
૪૭ વર્ષ, એમ.એસસી., બી.એડ.,ની પત્રકાર અને એડવોકેટ, સંસ્કારી કુટુંબ વત્સલ યુવતીને યોગ્ય યુવક. વિભાગ/આવક બાધ નથી.
મો.૯૪૨૭૨૧૩૩૮૨/મો.૮૪૬૦૨૧૨૨૨૪

નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે
નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,
સિદ્ધપુર. ફોન : ૨૭૬૭–૨૨૧૯૩૫

**ABM TRAVELS**

Since Foreign travel destinations are yet to open for tourists and flights are also not fully operational, you have good opportunity to visit our own "Apna Desh Dekho, Gumo, haro faro maja Karo" during diwali festival holidays places-Leh Ladakh (most sought after this season) Kashmir, Kerala, Lakshadweep, Kanyakumari,Andaman,Pondicherry, Mahabalipuram, Coorg Kabini,Ooty, Shimla Manali, Delhousie, Dharmshala, Nainital, Rishikesh Mussoorie Corbet, Darjeeling, Gangtok and many more.

Young and enthusiastik travellers can explore new destination like Assam Meghalaya, Arunachal Pradesh,Tripura,Manipur,Meghalaya and Nagaland, Wild Life Centure,National Parks, Cruise.

હવે રાહ જોવાની જરૂર નથી..નિર્ણય તમારો સજ્જતા અમારી... ચાલો જલ્દી તૈયાર થઈ જાવ અને નીકળી પડો દેશના પ્રવાસે !

**If anyone still intersted to travel in foreign countries than Nepal,Dubai,Maldives and Thailand are open with some restrictions.**

**Contact : abmtravels@gmail.com**

**09820817318**

જીવન વિમો તમારા માટે નથી,

એ એમની માટે છે જેને તમે બેહદ પ્રેમ કરો છો..

જી હા, વિમા ક્ષેત્રમાં વર્ષોના અનુભવી એવા

શ્રી પાર્થેશ નાણાવટી આપના અને

આપના પરિવાર માટે વિમા રોકાણ,

ઈન્વેસ્ટમેન્ટ બાબતોને સરળ કરવા સેવાકૃત છે.

♦ટર્મ પ્લાન ♦ બાળ યોજના ,

♦ગેરેન્ટેડ ગવર્નમેન્ટ વળતર,

♦માર્કેટ આધારીત પ્લાન♦ બીઝનેસ ઈન્સયુરન્સ

♦પેન્શન/રીટાયરમેન્ટ પ્લાન,


♦માસિક આવક યોજના વગેરે...

તો આજે જ સંપર્ક કરો, કોલ કરો અથવા

વોટ્સએપ કરો : પાર્થેશ નાણાવટી–રાજકોટ

મો. ૯૯૦૪૨૦૦૨૦૪

**તમારી આજને સમૃદ્ધ, કાલને સુરક્ષીત બનાવો**



હવે વરસાદમાં ભલે મોટર રસ્તા પર કાદવ ઉડાડતી જાય...!
(આ કટાક્ષ ચિત્ર ૫૫ વર્ષ પહેલાં પ્રકાશિત થયેલાં પુસ્તક 'રમેશ બૂચના ાર્ટૂન ચિત્રો' માંથી લેવામાં આવ્યું છે...!! )

<u>લવાજમ અંગે</u> : જાન્યુઆરી–૨૧થી કલમ કડછી બરછીનું લવાજમ વર્ષ જાન્યુઆરીથી ડીસેમ્બર ગણવામાં આવે છે, પરંતુ ઘણા જ્ઞાતિજનો હજુ માહિતગાર ન હોય તેમ લાગે છે. અગાઉના વર્ષ મુજબ કેટલાંક લવાજમ મળતાં જેને સ્વીકારી ઓગષ્ટ– ૨૧થી જૂલાઈ–૨૨ સુધી 'રીન્યુ' કરવામાં આવેલ છે. રસ ધરાવતા જ્ઞાતિજનો આ મુજબ પણ વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/–૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર 'પેટીએમ' થી કે નીચે આપેલ બેંક એકાઉન્ટમાં સીધા ભરી શકે છે. રકમ ભર્યા પછી જાણ અચૂક કરશો. – તંત્રી.

Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**

BOOK POST

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩